મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૫૭ ટકા
ગાંધીનગર તાપમાન

આવતીકાલથી કમુરતા આરંભાશે

એક માસ શુભ પ્રસંગો પર બ્રેક : બુધવારે રાત્રે ૩.૪૬ કલાકે ધનાર્ક સંયોગ થવાથી કમુહુર્ત શરુ

ગાંધીનગર, તા.૧૨

શહેરમાં લગ્નસરાની મોસમ પૂરબહારમાં ખીલી છે. શહેરીજનો ઉત્સાહપૂર્વક લગ્નની મજા માણી રહ્યા છે ત્યારે અશુભ સંયોગનો મહિનો ગણાતા કમુરતા ૧૫મીથી શરુ થશે. આ દરમિયાન લગ્ન સહિતના શુભ કાર્યો પર એક મહિનો રોક લાગી જશે. બુધવારે રાત્રે ૩.૪૬ કલાકથી ધનાર્કનો સંયોગ શરુ થશે. ધનાર્ક એટલે ધન, રાશિ અને સૂર્યનો મિલાપ. ધન રાશિમાં સૂર્યનો પ્રવેશ થાય તેને ધનાર્ક તરીકે ઓળખવામાં આવે છે.

હિન્દુ શાસ્ત્રો અને જયોતિષ શાસ્ત્ર પ્રમાણે વર્ષે દહાડે સર્જાતા ગ્રહ, નક્ષત્ર અને તિથિના શુભ સંયોગોમાં લગ્ન, હવન, યજ્ઞ, ઉજાણી સહિતના શુભ કાર્યો ચોકકસ સંયોગોમાં જ પાર પાડવામાં આવે છે જયારે કેટલાક સંયોગો શુભકાર્યો માટે વર્જીત ગણવામાં આવે છે. આવા જ એક અશુભ સંયોગનો મહિનો ગણાતા કમુરતા ૧૫મીના રોજ રાત્રીથી શરુ થશે. આજ દરમિયાન સૂર્યની તેજસ્વીતા ક્ષીણ થાય છે. ધન રાશિના ગુરુ બૃહસ્પતિ ગણાય છે તેથીસર્વે કાર્યો બંધ રાખવામાં આવે છે.

શહેરના જયોતિષશાસ્ત્રના જાણકાર નીલકંઠ શાસ્ત્રીના જણાવ્યા મુજબ ૧૫મીના રોજ ૩.૪૬ કલાકે રાત્રે તમામ શુભ મુહુર્ત સમાપ્ત થાય છે અને ધન રાશિ અને સૂર્યનો યોગ બને છે. સૂર્યનો ધન રાશિમાં પ્રવેશ એટલે ધનાર્ક તરીકે ઓળખાય છે. ધન રાશિના ગુરુ બૃહસ્પતિ છે. એટલે બધા જ શુભ કાર્યો બંધ રાખવામાં આવે છે. જેમાં વાસ્તુ માંગલિક કાર્યો બંધ રહે છે પણ જપ, તપ, નિષ્કામ કર્મ, શ્રીમદ ભગવદગીતા કથા, અનુષ્ઠાન કરી શકાય છે. દેવગુરુ બૃહસ્પતિ સૂર્યદેવના ગુરુ છે તેમની રાશિમાં સૂર્યનો પ્રવેશ થવાથી ધાર્મિક અર્થ છે કે સૂર્ય હવે એક મહિના સુધી પોતાના ગુરુની સેવામાં રહેશે.

કોઈ પણ માંગલિક કામ માટે સૂર્ય, ચંદ્ર અને બૃહસ્પતિની શુભ સ્થિતિ એટલે બળ જોવામાં આવે છે. ખર માસમાં સૂર્ય-ગુરુ નબળા થઈ જાય છે. વર્ષમાં બે વાર ખર માસ આવે છે. પહેલો જયારે સૂર્ય મીન રાશિમાં રહે છે અને બીજો જયારે સૂર્ય ધન રાશિમાં રહે છે. ખરમાસમાં બૃહસ્પતિ અસ્ત રહે છે. ગુરુ ગ્રહ બળહીન રહે છે. મકરસંક્રાંતિએ સૂર્ય આ રાશિથી બહાર આવી જાય છે અને ખરમાસ પૂર્ણ થઈ જાય છે.

આ મહિનામાં ઠંડીનો પ્રકોપ વધવા લાગે છે. ડિસેમ્બરમાં ૧ ઉમી સુધીના શુભ પ્રસંગો છે. શહેરમાં ૧૦૦૦થી વધારે લગ્નો આયોજીત થયા છે. ઘણા ખરા લગ્નો જાન્યુઆરીમાં યોજાવાના છે અને ઘણા બધા લગ્નો યોજાઈ ગયા છે. જેમાં ધામધૂમ પૂર્વક લગ્નો આ વર્ષે યોજાયા છે. કોરોનાના કારણે બે વર્ષ બાદ શહેરમાં ધામધૂમપૂર્વક લગ્ન યોજાયા છે. જેમાં ૧૫મી બાદ શુભ પ્રસંગો ઉપર બ્રેક લાગવા જઈ રહી છે. લગ્નસરામાં સંભળાતા ગીતો અને શહેનાઈઓ પર એક માસ માટે બ્રેક લાગી જશે.

પ્લાસ્ટિકની ઘેલછામાં વાંસની વસ્તુઓ વિસરાઈ

વાંસમાંથી અવનવી ચીજવસ્તુઓ બનાવતો કોટવાડિયા પરિવાર

ગાંધીનગર, તા.૧૨

વાંસમાંથી સુંદર ચીજ વસ્તુઓ બનાવી પોતાનું જીવન નિર્વાહ ચલાવતા પેથાપુરના કોટવાડિયા પરિવાર જેઓ ગાંધીનગર શહેરમાં રહીને તેમનો ધંધો કરી રહ્યા છે. આ પરિવાર ૪૦ વર્ષથી વાંસમાંથી બનતી વિવિધ ચીજવસ્તુઓ બનાવીને વેચાણ કરે છે. જેમાં વાંસની છાબડી, પ્રોટેકશન વોલ, ચટ્ટાઈ, રોટલી મુકવાની જુદી જુદી છાબડીઓ, ગજરો, ડીશ વિગેરે અવનવી બનાવટો બનાવી રહ્યા છે.

આધુનિક સમયમાં દેશી પધ્ધતિનો ઉપયોગ કરી વાંસમાંથી પ્રોટેકશન વોલ બનાવવામાં આવે છે જેના કારણે માટીનું ધોવાણ અટકે છે તેમજ પશુઓ છોડવાઓને નુકસાન ન કરે એ માટે દરવાજા પણ વાંસમાંથી તૈયાર કરવામાં આવતા હોય છે. શહેરમાં ઘણા સેકટરોમાં વાંસમાંથી બનેલી પ્રોટેકશન વોલનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે આ સિવાય બારીમાં વપરાતી નેટ પણ વાંસમાંથી બનેલી ઉપયોગમાં લેવાય છે. ખરેખર તો યોગ્ય માર્કેટીંગ થાય તો શહેરી ફર્નિચરને તગડી કોમ્પીટીશન આ વાંસની બનાવટો પુરી પાડે તેમ છે. આ પરિવાર વાંસની ચીજવસ્તુઓ બનાવવાના ઓર્ડરો લે છે અને ગ્રાહકને મનગમતી ચીજવસ્તુઓ બનાવી આપે છે. પથિકાશ્રમથી ચ માર્ગ તરફ જવાના વિસ્તારમાં ફૂટપાથની બાજુમાં આ પરિવાર પોતાનો વ્યવસાય કરે છે. જેમાં ૫૦ રૂપિયાની ચટ્ટાઈ, ફૂલનો ગજરો ૫૦ રૂપિયાનો, મોટા વાંસનો ભાવ ત્યાં ૪૦૦ રૂપિયા ચાલી રહ્યો છે.

વિશ્વની સૌથી વધુ ઝડપથી વિકાસ પામતી વનસ્પતિ વાંસ છે જે એક દિવસમાં ૩ ફૂટ જેટલા વધે છે. વાંસ અંદરથી પોલી નળી જેવો હોય છે. તેમાં રહેલી હવાના કારણે તે મજબૂત હોય છે. સૂકા વાંસ ઉપર ભેજની સૌથી ઓછી અસર થાય છે. પ્રાચીનકાળથી વહાણો અને તરાપા બનાવવામાં વપરાય છે. અમુક જાતના વાંસને ફુલો આવવામાં ૧૦૦ વર્ષ પણ લાગી જાય છે. વાંસમાંથી હજારો જાતની ઉપયોગી ચીજો બને છે. કાગળ બનાવવા માટે વાંસનો જ ઉપયોગ થાય છે.

આ પરિવારો પહેલેથી જ આત્મ નિર્ભર વ્યવસાય કરી રહ્યા છે. વાંસના ટોપલા, ટોપલી, સુપડા સહિતની વાંસની જુદી જુદી ઘર વપરાશ માટેની વસ્તુઓ બનાવીને વેચીને આત્મનિર્ભર તેઓ પહેલાથી જ છે. તેમની કમાણી દૈનિક ૪૦૦ રૂ. થી ૫૦૦ રૂ. થાય છે હવે આત્મનિર્ભર અને સ્વદેશી વસ્તુ વપરાશ થાય તે માટે પ્લાસ્ટિકની અવેજીમાં વાંસની વસ્તુઓ પણ વાપરી શકાય એમ છે. પેથાપુરમાંથી આવીને ગાંધીનગરમાં વસેલા આ પરિવારની લોકડાઉન દરમિયાન હાલત કપરી બની ગઈ હતી. લોકડાઉન બાદ છૂટછાટો મળતા હવે વસ્તુઓનું વેચાણ થતા હાલત સ્થિર થઈ છે. વાંસકામ સાથે સંકળાયેલા પરિવારને સરકારની કોઈ મદદ મળતી નથી. કાચો માલ મેળવવા માટે તેઓ અમદાવાદ જાય છે. વાંસને કાપતી વખતે હાથમાં ઈજાના બનાવો બને છે તેમની નવી પેઢી વાંસકામના ધંધામાં આવવા માંગતી નથી. લગ્ન અને ફળોની સીઝનમાં જ વાંસની વસ્તુઓનું વેચાણ વધારે થાય છે. સરકાર તરફથી કાચો માલ (વાંસ) માટે મદદ મળે તો વાંસકામ સાથે સંકળાયેલા કોટવાડિયા પરિવારનું આર્થિક સ્તર ઊંચું જાય તેમ છે તેવું વિસાભાઈ કોટવાડિયાએ જણાવ્યું હતું.

શહેર પેન્શનર્સ સમાજ દ્વારા પડતર પ્રશ્નોની રજૂઆત

પેન્શનના વિવિધ પ્રશ્નો અંગે મુખ્યમંત્રીને આવેદનપત્ર

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લા પેન્શનર્સ સમાજ, ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ તેમજ વિધાનસભા પેન્શનર્સ સમાજ દ્વારા સંયુકત રીતે પેન્શનરોના વિવિધ પ્રશ્નો અંગે લેખિતમાં મુખ્યમંત્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું છે. જેમાં સંસ્થાના પ્રમુખ કે.બી. વ્યાસ, એસ.ડી.આર.મલિક અને જે.એસ. ઝાલા દ્વારા પેન્શનર્સને મળવપાત્ર ડી.એ. મેડિકલ એલાઉન્સ જે ભારત સરકારના કર્મચારીઓને દર મહિને રૂ.૧૦૦૦ની સામે રાજય સરકારના કર્મચારીઓને ફકત રૂ. ૩૦૦ આપવામાં આવે છે તે અંગે તાત્કાલિક નિર્ણય લઈ રૂપિયા હજારના પ્રમાણો આપવા આગ્રહ ભરી વિનંતી કરી છે. ડીએ તફાવતની રકમ તાત્કાલિક ચાલુ નાણાંકીય વર્ષમાં ચુકવવામાં આવે તેવા આદેશો કરવા તેમજ ધારાસભ્યોને જેમ ખાનગી હોસ્પિટલોમાં લીધેલ સારવારના ખર્ચ મળે છે તેવી જ રીતે રાજયના કર્મચારીઓને પણ સુવિધા મળે તે અંગે યોગ્ય નિર્ણય લેવા તેમજ ધારાસભ્યોને મળતા પગાર, વિવિધ ભથ્થાઓ ઈનકમ ટેકસમાં રાહત મળે છે તેજ રીતે રાજય સરકારના પેન્શનર્સને ઈન્કમટેકસમાં તાત્કાલિક રાહત મળે તેવા આદેશો કરવા ભારત સરકારને રજૂઆત કરવા વિનંતી કરી છે. ગાંધીનગર શહેર પેન્સનર્શને સમાજની રજૂઆત મુજબ કેન્દ્ર સરકારના પેન્શનરોના અવસાન બાદ તેમના પર આધારિત તેઓની અપરિણીત, વિધવા, ત્યકતા, પુત્રીઓને મળતો કુટુંબ પેન્શનનો લાભ, રાજય સરકારના પેન્શનરો પર આધારિત તેઓની અપરિણીત વિધવા, ત્યકતા, પુત્રીઓને મળતો કુટુંબ પેન્શનનો લાભ મળે તે મંજુર કરવા ખાસ વિનંતી કરી છે. આ તમામ પ્રશ્નોના તાત્કાલિક નિકાલ થાય તેવી આગ્રહ ભરી વિનંતી ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના સભ્યો દ્વારા કરવામાં આવી હતી.

વોર્ડ નં. ૧૦ના સે-૬, ૭માંથી કુલ ૨૨ ફરિયાદો નોંધાઈ

ગાંધીનગર, તા.૧૨

વોર્ડ નંબર ૧૦માં નગરસેવકો દ્વારા દર રવિવારે અનોખી સેવા ચાલી રહી છે. જેમાં નગરસેવકો જણાવેલ સ્થળ પર પહોંચીને જનતાની ફરિયાદો અને સમસ્યાઓને સાંભળી તેના નિરાકરણ લાવવા માટેના ચોકકસ પ્રયાસો કરી રહ્યા છે ત્યારે ગઈ કાલે વોર્ડ નં.૧૦માં સમાવિષ્ટ સે-૬, ૭માં નગરસેવકોએ સ્થળ પર પહોંચી નાગરિકોની ફરિયાદો સાંભળી હતી. જેમાં સફાઈને લગતી ૫ ફરિયાદો, ઝૂંપડપટ્ટીના અને લારીગલ્લાના દબાણને ગતી ૪ ફરિયાદો, સ્ટ્રીટલાઈટની ૩ ફરિયાદો, બગીચાના સાચવણીની ૧ ફરયાદ, વરસાદી પાણીના નિકાલની ૨ ફરિયાદ, રખડતા પશુઓ-કૂતરાના ત્રાસની ૧ ફરિયાદ, ડિસ્ટ્રીકટ શોપિંગ સે-૬માં પાર્કિંગને લગતી ૧ ફરિયાદ અને અન્ય ૩ ફરિયાદ નગરસેવકોના રાઉન્ડ દરમિયાન મળી હતી.

જીવન એક સંઘર્ષ અને ખુમારી સાથે લડત આપતા રહેવું તે આ સંઘર્ષનો ઉપાય

મુશ્કેલીઓ તો સૌ કોઈના જીવનમાં આવે છે પરંતુ તેનાથી નાસીપાસ થવું તે યોગ્ય નથી : ગાંધીનગરના મીનાબજારમાં નાની રેસ્ટોરન્ટ ચલાવતી ત્રણ મહિલાઓ જીવન સામે ખુમારીભરી અડગ લડતના પાઠ શીખવે છે

ગાંધીનગર, તા. ૧૨

જીવન એક સંઘર્ષ છે અને આ સંઘર્ષમાં અનેકવાર બહાર ખૂબ મોટી પ્રતિભા કે શક્તિશાળી હોવાની છાપ ધરાવતા માનવીઓને આપણે હારી જઈને આત્મઘાતી પગલાં ભરતા હોવાના કિસ્સા પણ જોઈએ-સાંભળીએ છીએ. જોકે જીવનની આ આપાધાપીમાં ક્યારેક સાવ નાના કે નકામાં લાગતાં માનવીઓ પણ પોતાની અડગતા અને આત્મવિશ્વાસ સાથે ખુમારીના કારણે એવા દાખલા બેસાડે છે કે જેનાથી સૌ કોઈ પ્રેરિત થઈ જીવનની મુશ્કેલીઓ સામે લડવાની પ્રેરણા મેળવી શકે છે. ગાંધીનગરના જૂના સચિવાલય પાસેના મીનાબજાર નામે ઓળખાતા શોપિંગ સેંટરમાં બરાબર એસબીઆઈ બેંકની પાછળના ભાગે એક નાની રેસ્ટોરન્ટના સ્વાદરસિયા ગ્રાહકોને તેની સ્વામિનારાયણ ખિચડી, થેપલા-ભાજી, પૂરી-શાક અને ભજીયા વગેરે વાનગીઓ ખૂબ પસંદ છે. આ રેસ્ટોરન્ટ ચલાવતી બે વયોવૃદ્ધ મહિલાઓ સહિત ત્રણ મહિલાઓ જેઓ સાસુ-વહુ-માસીના સંબંધથી જોડાયેલી છે અને તેમના જીવનનો સંઘર્ષ સામાન્ય મુશ્કેલીમાં નાસીપાસ થઈ જતાં માનવીઓ માટે પ્રેરણારૂપ છે.

ચીલોડા પંથકના મહુન્દ્રા ગામના પશાભાઈ ઠાકોર સર્કિટ હાઉસમાં કેન્ટીન વિભાગમાં વર્ગ-૪માં કાર્યરત હતા તેથી તેઓને રસોઈ બનાવવા અંગેની આવડત

હતી. પશાભાઈના પરિવારમાં પત્ની જીવતબેન સાથે પાંચ દીકરી અને બે દીકરા હતા જે પૈકી દીકરીઓ પરણીને સાસરે ઠરીઠામ થઈ ગઈ હતી તે રીતે બંને દીકરાઓ પણ પોતાનો સંસાર માંડી ચૂક્યા હતા જે પૈકી તેઓ નાના દીકરા સાથે બોરીજ ખાતે કોટવાળા વાસમાં સગુજીના વાડામાં રહેતા હતા. પાંચેક વર્ષ પહેલા તેઓ નિવૃત થયા પછી જૂના સચિવાલય પાસેના મીના બજારમાં કુડાસણના એક વેપારીની નાની રેસ્ટોરન્ટ હતી જ્યાં સ્વામિનારાયણ ખિચડી, થેપલા-ભાજી, પૂરી-શાક અને ભજીયા વગેરે વાનગીઓ પીરસાતી હતી તેમાં રસોઈ બનાવવાનું મજૂરી કામ શરૂ કર્યું હતું જેમાં તેમના પત્ની જીવતબેન અને મહુન્દ્રા ગામે જ રહેતા તેમના સાળી લીલાબેન પણ સાથે જોડાયા હતા. પશાભાઈ રસોઈનો મસાલો કરવા અને વઘાર કરવા જેવા મુખ્ય કર્યો કરતાં હતા. આ દરમ્યાન તેમની રેસ્ટોરન્ટ તેના માલિકે વેચી દેવાનો વિચાર કર્યો અને તે બાબતે પહેલા પશાભાઈને લેવી હોય તો પ્રથમ તક તેમણે આપવાના ઈરાદાથી તેમણે પુછ્યું હતું જે તક ઝડપીને પશાભાઈએ તે રેસ્ટોરન્ટ લઈ લીધી હતી. બસ ત્યારથી તેઓ તેમના પત્ની જીવતબેન અને સાળી લીલાબેન મળીને રેસ્ટોરન્ટ ચલાવતા હતા. વહેલી સવારથી ત્રણે રેસ્ટોરન્ટ પર આવી જાય અને સાફસૂફી કરવી, પાણી ભરવું, શાકભાજી સમારવા, થેપલા-પુરીનો લોટ બાંધવો, શાક બાફવું જેવા કર્યો કરીને સચિવાલય શરૂ થતાં ઘરાકી ખૂલે ત્યાં સુધીમાં બધી તૈયારીઓ કરી રાખે અને બપોરે ત્રણેક વાગ્યા સુધી સતત ઊભા પગે ગ્રાહકોને ગરમાગરમ રસોઈ પીરસે અને ત્રણેક વાગે બધો માલ પૂરો થઈ જતો તે પછી તેઓ ફરી સાફ-સફાઈ, વાસણ ઘસવા, બીજા દિવસ માટે સારી ગુણવત્તાવાળા શાકભાજી-કરિયાણું-મસાલાની ખરીદી કરવી જેવા કામો પતાવીને પછી ઘરે પરત ફરવાનો તેમનો નિત્યક્રમ હતો.

આશરે બે વર્ષ પહેલા પશાભાઈને મગજમાં કોઈ ગાંઠ થવાની બીમારી થઈ હતી જેનું સોલા સિવિલ હોસ્પિટલ ખાતે ઓપરેશન કરવામાં આવ્યું હતું. ઓપરેશન આમ તો સફળ રહ્યું હતું પરંતુ ઓપરેશનના પંદરેક દિવસ પછી તેમાં કોઈ તકલીફ ઊભી થતાં તેમનું અવસાન થવા પામ્યું હતું. પશાભાઈના સ્વર્ગવાસ પછી ત્રણેક માસના સમય બાદ સતત કામ કરવાથી ટેવાયેલા જીવતબેને ઘરે બેસી રહીને પરિવાર પર બોજો બનવાને બદલે જાતે રેસ્ટોરન્ટ ફરી ચાલુ કરવાનો નિર્ણય કર્યો અને લીલાબેને જે પોતાના ઘરે ખેતીનું કામ પણ કરતાં હતા તેમણે કામે આવવાની તૈયારી દર્શાવતા બંને બહેનોએ ફરી તેમની આ રેસ્ટોરન્ટ ચાલુ કરી દીધી હતી. આ દરમ્યાન કોરોના લોકડાઉનનો પણ સામનો તેમણે લાકડા વીણવા જેવા કામ કરીને કર્યો હતો ત્યારે પશાભાઈનું પેન્શન અને સરકારે જે વિના મુલ્યે અનાજ વિતરણ કર્યું હતું તે તેમનો સહારો બની રહ્યું હતું. માંડ ફરી રેસ્ટોરન્ટ શરૂ થઈ ત્યાં જ ભાગ્યે તેમની વધુ કસોટી કરવાનું નક્કી કર્યું હોય તેમ પરિવારમાં બીજી એક દુર્ઘટના સર્જાઈ અને તેમનો નાનો દીકરો સુનિલ જેની સાથે તેઓ રહેતા હતા તે અચાનક ટોયલેટમાં પડી જવાથી બ્રેઈન હેમરેજના કારણે ગુજરી ગયો અને પાછળ પરિવારમાં પત્ની સોનલબેન અને કિશોરવયમાં પહોચી ચૂકેલા એક દીકરો - એક દીકરી એમ બે સંતાનો છોડી ગયો અને ફરી જીવતબેને થોડો સમય રેસ્ટોરન્ટ બંધ રાખી હતી. જોકે બાળપણથી મહેનત-મજૂરી કરીને સંઘર્ષમાં ઉછરેલા જીવતબેન એમ કઈ હીમત હારી જાય તેવા નહોતા એટલે થોડા સમયબાદ ફરી તેમણે રેસ્ટોરન્ટ ચાલુ કરી દીધી અને તે સમયે શાળાઓ બંધ હોવાથી તેઓ પોતાની વહુ અને બાળકોને સાથે લઈને જ રેસ્ટોરન્ટ પર આવી જતાં હતા જેથી તે બધાની પણ કામમાં થોડી ઘણી મદદ મળી રહેતી હતી. હવે શાળાઓ ફરી શરૂ થઈ ગઈ છે ત્યારે બંને બાળકોને સવારે તૈયાર કરીને શાળાએ મોકલી બાળકોની રસોઈ ઘરે બનાવીને સાસુ-વહુ બંને બોરીજથી બાંધેલી રિક્ષામાં રેસ્ટોરન્ટ પર નિત્યક્રમ મુજબ સવારે આઠ વાગે હાજર થઈ જાય છે. બીજી તરફ મહુન્દ્રાથી લીલાબેન પણ આવી પહોચે છે અને ફરી તેમની સ્વામિનારાયણ ખિચડી, થેપલા-ભાજી, પૂરી-શાક અને ભજીયા વગેરે વાનગીઓ પીરસવાનું શરૂ થઈ જાય છે. ત્રણેય મહિલાઓના સામાજિક ઉપરાંત પરિસ્થિતીના કારણે બંધાયેલા મજબૂત સંબંધ સાથે તેઓ જીવનની મુશ્કેલીઓ સામે ખુમારીભારી લડત આપી રહી છે. વળી, આટઆટલાં સંઘર્ષમાં પણ તેઓ પોતાની રેસ્ટોરન્ટમાં તેલ-ઘી, કરિયાણું-શાકભાજી વગેરે સારી ગુણવત્તાવાળા હોય તેની તકેદારી રાખે છે જેના કારણે તેમની રસોઈનો સ્વાદ તેમના ગ્રાહકોની જીભે ચઢી ગયેલો છે અને એજ તેમની સૌથી મોટી તાકાત અને સહારો બની રહ્યો છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com

જન્મદિને વધામણી

અનંત પટેલ
મો. ૯૮૯૮૪ ૦૯૦૫૩

જયંત પી ભટ્ટ
એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ
મો. ૯૮૯૮૪ ૦૯૦૫૩

છાયાબેન વાય પંડ્યા
વહીવટી અધિકારી
તબીબી વિભાગ

સતિષકુમાર સી ઠાકર
મો. ૯૪૨૬૩ ૬૭૫૯૬

નીલીમા શાહ
લાયન્સ કલબ ઓફ
ગાંધીનગર ફેમીના

હેત પટેલ
મો. ૯૭૨૩૩ ૧૨૮૧૫

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. પરમાર રવિન્દ્રભાઈ રામાભાઈ,** ઉ.વ. ૭૩, સેકટર-૨૬
- **સ્વ. પંડિત ઈલાબેન નિમેષકુમાર,** ઉ.વ. ૭૦, સેકટર-૨૯
- **સ્વ. ઠાકોર મહેશભાઈ રમણજી,** ઉ.વ. ૩૫, ડભોડા (રામનગર)
- **સ્વ. વાઘેલા આનંદબેન તેજુસિંહ,** ઉ.વ. ૪૪, લેકાવાડા
- **સ્વ. સોલંકી રંજનબેન નટવરલાલ,** ઉ.વ. ૫૭, પેથાપુર

● રૂદ્રભૂમિ ●

- **સ્વ. રાઠોડ છગનભાઈ જઈચકાભાઈ,** ઉ.વ. ૮૦, સેકટર-૪